કલેક્ટરનો કોન્સેપ્ટ કામિયાબઃ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન મહિલાઓએ કર્યુંઃ શ્રેષ્ઠ સિદ્ધિઓ મેળવનાર વિદ્યાર્થિનીઓનું સન્માન

જામનગર જિલ્લા પંચાયત દ્વારા ઉજવાયો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

પ્રાસંગિક પ્રવચનોમાં નારી શક્તિને બીરદાવવા લાભાર્થીઓને અપાયા યોજનાકીય લાભો

જામનગર તા. ૧૧ઃ નારી શક્તિ એ સમાજની પ્રેરણા છે. નારી સશક્તિકરણથી જ સમૃદ્ધ અને સશક્ત સમાજનું નિર્માણ શક્ય બને છે. મહિલાઓની શક્તિને ઉજાગર કરવા, તેઓની ક્ષમતાને ઉત્સાહિત અને પ્રેરિત કરવા સમગ્ર વિશ્વમાં ૮ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલાલ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની થીમ 'રાઈટ્સ જસ્ટિસ, એક્શન ફોર ઓલ વોમેન એન્ડ ગર્લ્સ' રાખવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે જામનગર શહેરના ટાઉનહોલમાં મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મેઘબેન ગરસરની અધ્યક્ષતામાં 'મહિલા સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માત્ર મહિલાઓ દ્વારા કરવામાં આવે આ પ્રકારના નારી શક્તિને ઉજાગર કરતા કલેક્ટર કેતન ઠક્કરના ઉમદા વિચારને સફળ બનાવવા માટે જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનોખી પહેલ કરવામાં આવી હતી અને સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન જિલ્લા વહીવટી તંત્રમાં ફરજ બજાવતા મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જે મહિલા સશક્તિકરણનું પ્રેરણાદાયક ઉદાહરણ છે.

કાર્યક્રમ દરમિયાન સરકારની સહાયથી સ્વનિર્ભર બનેલ મહિલાઓએ પોતાના અનુભવો અને સફળતાની કહાનીઓ રજૂ કરીહતી, જે અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ બન્યા હતાં. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે લાભાર્થી દીકરીઓને દીકરી વધામણા કીટ, વ્હાલી દીકરી યોજના, સ્પોર્ટસમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીનીઓ તથા મહિલાલક્ષી વિવિધ યોજનાઓના લાભ લાભાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ બાળકીઓના હસ્તે કેક કટિંગ કરી મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર શ્રીમતી કિન્નાબેન સોઢાએ જણાવ્યું હતું કે, આજે મહિલાઓ શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, રમતગમત સહિતના તમામ ક્ષેત્રોમાં આગેવાની કરી રહી છે. સરકાર દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ અને આત્મનિર્ભરતા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, જેના કારણે મહિલાઓને આગળ વધવાની નવી તક મળી રહી છે.

સમાજના વિકાસમાં મહિલાઓની સક્રિય ભાગીદારી અત્યતં જરૂરી છે અને મહિલાઓ સશક્ત બનશે ત્યારે જ સમાજ અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ શક્ય બનશે. તેમણે મહિલાઓને શિક્ષણ, સ્વરોજગાર, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે વધુ સક્રિય બનીને આગળ વધવા પ્રોત્સાહિત કરી હતી.

કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર શારદા કાચડે જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓની ભૂમિકા અતિ મહત્ત્વપૂર્ણ રહી છે. મહિલા માત્ર પરિવારની સંભાળ રાખનાર નથી, પરંતુ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર શક્તિ છે. આજના દિવસે આપણે સૌએ સંકલ્પ કરવો જોઈએ કે મહિલાઓને સમાજમાં સમાન અધિકાર અને સન્માન મળે તે માટે આપણે સહયોગી બનીશું. મહિલાઓને વિકાસના તમામ અવસરો ઉપલબ્ધ થાય તે માટે સંયુક્ત પ્રયાસો કરવાના છે. સ્ત્રી સશક્ત તો છે જ, તેણીએ માત્ર પોતાનામાં રહેલ શક્તિ ઉજાગર કરવાની જરૂર છે.

આ કાર્યક્રમમાં કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પટ્ટુ, નાગબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા, અગ્રણીઓ બીનાબેન કોઠારી અને ડો. વિનોદભાઈ ભંડેરી, શહેર પ્રાંત અધિકી અદિતિ વાર્ષ્ણેય, નાયબ જિલ્લા વિકાસ અધિકારી વિરલ માકડિયા, મહિલા અને બાળ અધિકારી પૂજા ડોડિયા, સરકારી વિભાગોમાં કાર્યરત મહિલા અધિકારીઓ, વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત મહિલાઓ, સ્વસહાય જુથોની બહેનો, લાભાર્થી મહિલાઓ, વિદ્યાર્થીનીઓ વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ભારતની લગભગ ૮૫ ટકા એલપીજીની આયાત જ્યાંથી પસાર થાય છે તે

હોર્મુઝ સ્ટ્રેટ નજીક ૩૭ ભારતીય જહાજો અટવાતા રૂા. દસ હજાર કરોડ પર મંડરાતો ખતરો

નવી દિલ્હી તા. ૧૧ઃ હોર્મુઝ સ્ટ્રેટ પાસે ૩૭ ભારતીય જહાજો ફસાયા હોવાથી ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ખતરામાં છે. ભારત ઈરાન યુદ્ધની કિંમત ચૂકવી રહ્યું છે. ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષથી ભારતને નોંધપાત્ર નુકસાન થઈ રહ્યું છે. ભારતની લગભગ ૮૫% એલપીજી આયાત હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. લાંબા સમય સુધી બ્લોક થવાથી સપ્લાયમાં વિક્ષેપ પડી શકે છે.

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન સંઘર્ષને કારણે હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઘણાં ભારતીય જહાજો ફસાયા છે, જેના કારણે કાર્ગો સલામતી, ક્રૂ સુરક્ષા અને ઉર્જા પુરવઠા અંગે ચિંતા વધી રહી છે.

ખલીજ ટાઈમ્સના અહેવાલ મુજબ, યુએસ-ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ પાસે ઘણાં ભારતીય જહાજો ફસાયેલા છે, જેના કારણે કાર્ગો સલામતી, ક્રૂ સુરક્ષા અને ઉર્જા પુરવઠા અંગે ચિંતાઓ ઉભી થઈ છે. અહેવાલ મુજબ, હાલમાં આ વિસ્તારમાં આશરે ૩૭ ભારતીય ધ્વજવાળા જહાજો ફસાયેલા છે, જે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો કાર્ગો વહન કરે છે. આ શિપિંગ સંપત્તિઓ સુરક્ષાના જોખમમાં છે. આમાંના ઘણા જહાજો તેલ અથવા ગેસ વાહક છે. આ જહાજો ભારતીય બંદરો પર ક્રૂડ તેલ અને લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) વહન કરે છે.

મીડિયા અહેવાલો મુજબ, ભારતીય રાષ્ટ્રીય શિપમાલિક સંગઠન (આઈએનએસએ)એ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયને પત્ર લખીને તાત્કાલિક સરકારના હસ્તક્ષેપની માંગ કરી છે. જહાજોના ફસાયેલા રહેવાનું કારણ આવશ્યક શિપિંગ માર્ગોના નાકાબંધી-શૈલીના બંધે હોવાનું માનવામાં આવે છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે શિપમાલિક સંગઠને સરકારને એવા અહેવાલો સ્પષ્ટ કરવા પણ કહ્યું છે કે ચીની અને ઈરાની જહાજો હજુ પણ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યા છે.

આનાથી ભારતીય ઓપરેટરોમાં મૂંઝવણ ઊભી થઈ છે કે શું તે પરિવહન માટે સલામત છે. એસોસિએશને ચેતવણી આપી છે કે આ પરિસ્થિતિ ભારતના ઈંધણ પુરવઠાને અસર કરી શકે છે. ભારતની લગભગ ૮૫% એલપીજી આયાત હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે.

આનો અર્થ એ છે કે લાંબા સમય સુધી બ્લોક થવાથી સપ્લાયમાં વિક્ષેપ પડી શકે છે. આઈએનએસએ એ સરકારને ભારતીય ધ્વજવાળા જહાજો માટે સલામત માર્ગ અને ક્રૂ સભ્યોની સલામતી સુનિશ્ચિત કરવા પણ વિનંતી કરી છે.

એસોસિએશન અનુસાર, ૨૮ ફેબ્રુઆરીએ લડાઈ શરૂ થઈ ત્યારથી ત્રણ ભારતીય ટેન્કરો પર હુમલો કરવામાં આવ્યો છે. એક જહાજ મિસાઈલ હુમલામાં માંડ માંડ બચી ગયું. લોયડની યાદીના ઈન્ટેલિજન્સ અનુસાર, આશરે ૨૦૦ આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર થતા ક્રૂડ અને પ્રોડક્ટ ટેન્કર હાલમાં ગલ્ફના પાણીમાં ફસાયેલા છે.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ ઉર્જા પરિવહન માર્ગોમાંનો એક છે. વૈશ્વિક તેલ અને ગેસ નિકાસનો લગભગ ૨૦% ઓમાન અને ઈરાન વચ્ચેના આ સાંકડા જળમાર્ગમાંથી પસાર થાય છે. ભારત ખાસ કરીને આનાથી સંવેદનશીલ છે. તેની લગભગ ૪૦% ક્રૂડ ઓઈલ આયાત અને તેની ૫૦%થી વધુ લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી) આયાત આ માર્ગમાંથી પસાર થાય છે. લડાઈને કારણે શિપિંગ ખર્ચમાં પણ વધારો થયો છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો માટે યુદ્ધ-જોખમ વીમા પ્રીમિયમમાં તીવ્ર વધારો થયો છે. સુત્રો મુજબ ભારતીય ધ્વજવાળા ટેન્કરો અને ૪૦૦ ભારતીયો ખલાસીઓ અટવાયા છે.

લડાઈને કારણે વૈશ્વિક તેલના ભાવમાં પણ નોંધપાત્ર વધઘટ થઈ છે. ગલ્ફ ઓઈલ નિકાસમાં વિક્ષેપ પડવાની આશંકા વચ્ચે, બ્રેન્ટ ક્રૂડ તેલ થોડા સમય માટે પ્રતિ બેરલ ૧૨૦ ની નજીક પહોંચી ગયું, જે વર્ષોમાં તેનું ઉચ્ચતમ સ્તર છે. તાજેતરના બજાર અહેવાલો અનુસાર, ભાવ પાછળથી ઘટીને ૯૨-૯૫ પ્રતિ બેરલ થઈ ગયા, જ્યારે યુએસ ક્રૂડ તેલડ ડોલર ૯૦ પ્રતિ બેરલની આસપાસ સ્થિર થયું. વિશ્લેષકો કહે છે કે તેલ બજાર ખૂબ જ અસ્થિર રહે છે. વેપારીઓ હોર્મુઝ સ્ટ્રેટ અને મધ્ય પૂર્વમાં મોટા સંઘર્ષની આસપાસના વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

સંસદસભ્ય પૂનમબેન માડમના સૌજન્યથી

હાલારના બંને જિલ્લાના પત્રકારો દિલ્હીના પ્રવાસેઃ સંસદભવનની મુલાકાત

ખંભાળીયા તા. ૧૧ઃ દેવભૂમિ દ્વારકા અને જામનગર સહિત હાલારના પત્રકારો બે દિવસ દિલ્હી પ્રવાસ સાથે સંસદ ભવનની મુલાકાત લઈને લોકશાહીના મૂલ્યોને નજીકથી સમજવાનો અને ભારતના ગૌરવપૂર્ણ ઈતિહાસના સ્થળને સ્પર્શી ગૌરવની લાગણી અનુભવવાનો પ્રયાસ કર્યો હતો.

હાલારના ગામોમાંથી ખાસ બસોમાં અમદાવાદ અને ત્યાંથી હવાઈ માર્ગે દિલ્હી પહોંચીને પત્રકારોએ દિલ્હી સંસદ ભવનની ગેલેરીમાં ફરતા અને ત્યાં બેસીને આ ઐતિહાસિક સ્થળની સ્મૃતિ મનમાં ભરી હતી. પત્રકારોએ ચાલુ સંસદમાં કેન્દ્રીય મંત્રીઓના વાર્તાલાપો નિહાળ્યા હતા તથા ગૌરવ ક્ષણો માણી હતી.

જુના સંસદ ભવન તથા નવા સંસદ ભવન બંને ઐતિહાસિક સ્થળો જ્યાં ભારતનું બંધારણ ઘડાયુ હતું તે સ્થળો સાથે દિલ્હીના મહત્ત્વના સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

એક કોર્પોરેટર પર થયેલા હુમલા પછી હોટલમાં તોડફોડઃ

કાલાવડ નાકા વિસ્તારમાં ચાની હોટલે જઈ ત્રણ શખ્સે મચાવી ધમાલ

જામનગર તા. ૧૧ઃ જામનગરના કાલાવડ નાકા વિસ્તારમાં આવેલી ચાની હોટલ પર ઘસી ગયેલા ત્રણ શખ્સે હોટલના સંચાલક તથા કારીગરને ગાળો ભાંડી ધમકાવ્યા હતા અને ટેબલ-ખુરશી તોડી નાખ્યા હતા. થોડા દિવસ પહેલાં એક નગરસેવકના કહેવાથી બીજા નગરસેવક પર હુમલો થયો હતો. તેની પોલીસમાં કરાયેલી ફરિયાદનો ખાર રાખી કૃત્ય કરાયાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

જામનગરના દરબારગઢ વિસ્તારથી આગળ આવેલા કાલાવડ નાકા વિસ્તારમાં એસ.એ. નામની ચાની હોટલ ચલાવતા રફીકભાઈ કરીમભાઈ ખીલજી ગઈ તા.૨૦ની રાત્રે પોતાની હોટલ પર હાજર હતા ત્યારે ત્યાં કિસાન ચોક નજીકની સુમરા ચાલીમાં વસવાટ કરતા તબરેઝ ખફી, મહંમદ ઈકબાલ ખફી, સાહિદ ખફી નામના ત્રણ શખ્સ ઘસી આવ્યા હતા.

આ ત્રણેય શખ્સે થોડા દિવસ પહેલાં આ વિસ્તારના નગરસેવક અલ્તાફ ખફીના કહેવાથી રફીકભાઈના ભાઈ નગરસેવક અસલમ ખીલજી પર હુમલો કર્યો હતો અને તેની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. આ બાબતનો ખાર રાખી તબરેઝ સહિતના ત્રણેય શખ્સે હોટલના કારીગરને તેમજ રફીકભાઈને ગાળો ભાંડી મારી નાખવાની ધમકી આપી હતી. આ વેળાએ અબ્દુલ શેખને ફડાકા મારવામાં આવતા રફીકભાઈ વચ્ચે પડ્યા હતા તેથી તેઓને પણ ગાળો ભાંડી ધમકી આપવા ઉપરાંત હોટલના ટેબલ, ખુરશી તોડી નાખી ત્રણેય શખ્સો નાસી ગયા હતા. આ બનાવની બે સપ્તાહ પછી રફીકભાઈએ સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મોટી ખાવડી પાસે એક મોટર પાછળ બીજી મોટર ટકરાઈઃ

મોટા થાવરીયા પાસે બાઈકને બચાવવા જતાં સ્કોર્પિયોનું ગોથુંઃ ચાલકને પહોંચી સામાન્ય ઈજા

જામનગર તા. ૧૧ઃ જામનગર-કાલાવડ માર્ગ પર મોટા થાવરીયા ગામ પાસે રવિવારે સાંજે પુરપાટ જતા એક બાઈકને બચાવવા જવાના પ્રયાસમાં સ્કોર્પિયો ગોથું મારી ગઈ હતી. આ અકસ્માતમાં સ્કોર્પિયોના ચાલકને ઈજા થઈ છે. જ્યારે ગઈકાલે જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર મોટી ખાવડી ગામ પાસે એક મોટરની પાછળ બીજી મોટર ટકરાઈ પડતા અકસ્માત સર્જાયો હતો.

જામનગર નજીકના બેડી વિસ્તાર પાસે આવેલા આઈએનએસ વાલસુરામાં રહેતા પૂનમચંદ નોપારામ ઝાખડ નામના કર્મચારી રવિવારે સાંજે જામનગર-કાલાવડ ધોરીમાર્ગ પર મોટા થાવરીયા ગામ પાસેથી જીજે-૧૫-બીએ ૨૪૧૪ નંબરની સ્કોર્પિયોમાં પરત આવતા હતા ત્યારે એમપી-૧૧ પાસિંગની એક મોટરસાયકલના ચાલકે હુલસ્પીડમાં ડ્રાઈવીંગ કરતા તેને બચાવવા જવાના પ્રયાસમાં સ્કોર્પિયો ગોથું મારી ગઈ હતી. આ અકસ્માતમાં પૂનમચંદને ઈજા થઈ છે. તેઓએ પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગરના રાંદલનગર વિસ્તારમાં રહેતા જુવાનસિંહ પ્રતાપસિંહ જાડેજા ગઈકાલે સવારે જીજે-૧૦-ઈએચ ૨૬૪૪ નંબરની મોટર લઈને ખંભાળિયા ધોરીમાર્ગ પર મોટી ખાવડી ગામના ફાટક પાસેથી જતા હતા ત્યારે જીજે-૨૫-એએ ૨૭૪૫ નંબરની મોટરના ચાલકે અકસ્માત સર્જયો હતો. જુવાનસિંહની મોટરમાં બમ્પર તથા ડેકીના દરવાજામાં નુકસાન થયું છે. તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

માહે રમઝાન
તા. ૧૧-૦૩-૨૦૨૬ બુધવાર
રોઝા - ૨૧
વક્તે ઈફતારઃ ૭-૦૧
તા. ૧૨-૦૩-૨૦૨૬, ગુરૂવાર
રોઝા - ૨૨
ખત્મે સહેરીઃ ૫-૪૧
સૌજન્યઃ જુમા મસ્જિદ ટ્રસ્ટ બોર્ડ

વિશ્વ મહિલા દિનની પ્રેરક ઉજવણીઃ

દ્વારકા જગતમંદિરમાં ફરજ બજાવતા મહિલા હોમગાર્ડઝનું સન્માન કરાયું

જામનગર તા. ૧૧ઃ દેવભૂમિ દ્વારકા જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ સંદિપભાઈ ખેતિયા તથા તેમના પત્ની લીનાબેન ખેતિયા દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી નિમિત્તે યાત્રાધામ દ્વારકાના જગતમંદિરે ફરજ બજાવતા મહિલા હોમગાર્ડઝનું સન્માન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ભાવનાબેન વિક્રમા, કવિતાબેન શ્રીનિવાસ તથા કૌશલ્યાબેન ચાનપાને પ્રમાણપત્રો અર્પણ કરી તેમની ફરજનિષ્ઠાને બિરદાવવામાં આવી હતી.

દ્વારકા કમાન્ડીંગ ઓફિસર ચેતનભાઈ પરમાર દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવવામાં આવી હતી.

ખંભાળિયા ડો. કે.જે. ગઢવીની

આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (ગુજરાત)ના પ્રમુખ તરીકે નિમણુક

ડો. કે.જે. ગઢવી

ખંભાળિયા તા. ૧૧ઃ ખંભાળિયાના ડો. કે.જે. ગઢવીની આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (ગુજરાત) ના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ફ્રાન્સના કેનેડી વિશ્વ વિદ્યાલય દ્વારા તેમને માનવ અધિકાર વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

નામ બદલાવેલ છે
આથી હું કણજારીયા મુનિલ લાલજી જાહેર કરૂ છુ કે મારા નામમાં સુધારો કરી મારૂ નામ હવે કણજારીયા મુનિલભાઈ લાલજીભાઈ રાખેલ છે. હવેથી હું કણજારીયા મુનિલભાઈ લાલજીભાઈ થી ઓળખાઈશ. તેની સર્વે એ નોંધ લેવી.
જામનગર તા.૧૧-૩-૨૦૨૬
કણજારીયા મુનિલભાઈ લાલજીભાઈ